સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર–૩૮૫૫૦૬, જિ.બનાસકાંઠા

:: જાહેર નિવિદા ::

## તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ/સેમીસ્કીલ્ડ/અનસ્કીલ્ડ) પ્રકારની કામગીરીની સેવાઓ પૂરી પાડવા માટે આઉટસોર્સિંગ એજન્સી નકકી કરવા અંગે

આ યુનિવર્સિટી હસ્તકની વિવિધ કચેરીઓમાં **"તાંત્રિક" પ્રકારની કામગીરી માટે અંદાજીત–૧૦૦ અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારની કામગીરી માટે" અંદાજીત–૫૦૦** ઈસમો ૧૧ (અગીયાર) માસ માટે પૂરા પાડવા અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી પૂર્વ લાયકાત **(Technical bid)** અને ભાવપત્રક **(Financial bid)** મંગાવવામાં આવે છે, જેની તમામ વિગતો *www.nprocure.com* તેમજ અત્રેની યુનિવર્સિટીની વેબસાઈટ *www.sdau.edu.in* લીક પર પ્રસિઘ્ધ કરવામાં આવેલ છે. તો સબંધિત એજન્સીઓએ સદર વેબસાઈટ ઉપરથી ટેકનીકલ બીડ ડાઉનલોડ કરવાના રહેશે. આ ટેન્ડર અંગેની પ્રી–બીડ મીટીગ **તા.૨૪/૦૨/૨૦૨૦** ના રોજ **સવારે ૧૧.૦૦ કલાકે** કુલસચિવશ્રીની કચેરી, સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર ખાતે રાખેલ છે.

(કે.કે.પટેલ)
કાર્યકારી કુલસચિવ

સ્થળ : સરદારકૃષિનગર.
તારીખ :–૧૯/૦૨/૨૦૨૦.

## :: Details about Tender ::

| | |
|---|---|
| **Department Name** | S.D.AGRICULTURE UNIVERSITY |
| **Circle/Division** | S.D.AGRICULTURE UNIVERSITY |
| IFB No | 1 OF 2020-21 |
| Name of Project | PROVIDING **TECHNICAL AND LABOUR (SKILLED/ SEMISKILLED/UNSKILLED)** MANPOWER AT S.D.A.U. JURISDICTION, SARDARKRUSHINAGAR |
| Name of Work | PROVIDING **TECHNICAL AND LABOUR (SKILLED/ SEMISKILLED/UNSKILLED)** MANPOWER AT S.D.A.U. JURISDICTION, SARDARKRUSHINAGAR |
| Estimate Contract Value (ECV) | **7.00 Crores (Approximately)** |
| Period Of Completion(in Months) | 11 (Eleven Months) |
| Bidding Type | Open / Limited |
| Bid Call (Nos) | 2 |
| Tender Currency Type | TWO BID SYSTEM |
| Tender Currency Settings | Indian Rupee(INR) |
| Joint Venture | Not Applicable |
| Rebate | Applicable |

**Amount Details**

| | |
|---|---|
| Bid Document /Tender Fee: | **Rs.15,000 .00** |
| Bid Document Fee Payable To: | SDAU FUND A/C, S.B.I., DANTIWADA |
| Bid Security/EMD (INR) : | **Rs.21.00 Lacs** |
| Bid Security/EMD In Favour Of: | SDAU FUND A/C, S.B.I., DANTIWADA |

**Tender Dates**

| | |
|---|---|
| Bid Document Downloading Start Date | **20/02/2020** |
| Bid Document Downloading End Date | **11/03/2020: 18:00 hrs.** |
| Pre Bid Meeting | **24/02/2020: 11:00 hrs.** |
| Last Date & Time for Receipt of Physical Bids | **17/03/2020: 18.00 hrs.** |
| Bid Validity Period | 365 Days |
| Remarks | Submission of Tender fee, EMD, Physical bid and other Documents during office hours on or before **date :17/03/2020** in the office of REGISTRAR, S.D.A.U. AT S.K.NAGAR BY RPAD OR Courier.<br>Phone : 02748-278226/278443 |
| Technical Bid Opening Date | **19/03/2020 : 11:00 hrs.** |
| Price bid Opening Date | Price bid opening schedule will be intimated to qualified bidders after opening of qualified Technical bid. |

**Other Details**

| | |
|---|---|
| Officer Inviting Bids : | REGISTRAR, S.D.A.U. AT S.K.NAGAR. |
| Bid Opening Authority : | REGISTRAR, S.D.A.U. AT S.K.NAGAR. |
| Address : | REGISTRAR, S.D.A.U. AT S.K.NAGAR. |
| Contact Details : | 02748-278226/278443 |

## તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ/સેમી સ્કીલ્ડ/અનસ્કીલ્ડ) પ્રકારની કામગીરી માટે ઈસમો પૂરા પાડવા અંગેનું ઈ–ટેન્ડર

### :: ટેકનીકલ બીડ ફોર્મ ::

- એજન્સી / સંસ્થાનુંનામ ..............................................
- એજન્સી / સંસ્થા / ભાગીદારી પેઢી/ અન્યનો દરજજો ..............................................
- માલિકનું નામ/મેનેજીંગ ડીરેકટરનું નામ ..............................................
- રજીસ્ટર્ડ ઓફીસનું સંપૂર્ણ સરનામું ..............................................
  ગામ........................ તાલુકો..........................................
  જિલ્લો........................ પીન કોડ ....................................
  ટેલીફોન નંબર................. મોબાઈલ નંબર................................
  ઈ–મેઈલ એડ્રેસ...........................................................................
- સંચાલક બ્રાન્ચ ઓફીસનું સંપૂર્ણ સરનામું ..............................................
  ગામ........................ તાલુકો..........................................
  જિલ્લો........................ પીન કોડ ....................................
  ટેલીફોન નંબર................. મોબાઈલ નંબર................................
  ઈ–મેઈલ એડ્રેસ...........................................................................

પ્રતિ,
કુલસચિવશ્રી,
સ.દાં.કૃષિ યુનિવર્સિટી,
સરદારકૃષિનગર.

માલિક/મેનેજીંગ ડીરેકટરનો ફોટો લગાવવો

સાહેબશ્રી,

મે આપની યુનિવર્સિટી ધ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ **તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ/સેમી સ્કીલ્ડ/અનસ્કીલ્ડ) પ્રકારની** કામગીરી માટે ઈસમો પૂરા પાડવા અંગેની તમામ શરતો અને બોલીઓ વાંચી છે. મને સદર બોલીઓ અને શરતો મંજૂર છે.

### :: ભરેલ ટેન્ડરની વિગત ::

| અ.નં. | કામનું નામ | ટેન્ડર ફી રૂા. (ડી.ડી.નંબર/બેંક વિગત સહીત) | ઈ.એમ.ડી. રૂા. (ડી.ડી.નંબર/બેંક વિગત સહીત) | તારીખ |
|---|---|---|---|---|
| ૧. | તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ/ સેમીસ્કીલ્ડ/અનસ્કીલ્ડ) પ્રકારની કામગીરી માટે ઈસમો પૂરા પાડવા અંગેનું ઈ–ટેન્ડર | | | |

ટેન્ડર ભરનાર
એજન્સીની સહી અને સિકકો

# જુદા જુદા દસ્તાવેજોની વિગત
## (જે તે અરજદારની તમામ વિગતો ભરવી અને તેને લગતા દસ્તાવેજોની પ્રમાણિત નકલો જોડવી)

| ક્રમ | દસ્તાવેજોનું નામ | બિડાણના પેજ નંબર |
|---|---|---|
| ૧. | ૨. | ૪. |
| ૧. | પેઢી/દુકાન/ભાગીદારી પેઢી/કંપનીના રજીસ્ટ્રેશનની નકલ તેમજ ભાગીદારી પેઢી અને કંપનીના કિસ્સામાં ભાગીદારી દસ્તાવેજ, મેમોરેન્ડમ ઓફ આર્ટીકલ, રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ વિગેરે રજુ કરવા : આ પ્રકારના ડોકયુમેન્ટસમાં પેઢી/દુકાન/ભાગીદારી પેઢી/કંપનીના રજીસ્ટ્રેશનનો નંબરઃ નોંધણી કરનાર અધિકારીનો હોદ્દો અને કચેરી : રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર આપ્યાની તારીખ તેમજ રજીસ્ટ્રેશનની માન્યતા કયાં સુધી માન્ય કરેલ છે, તેની તારીખની વિગતોનો સમાવેશ થવો જરૂરી છે. | **Appendix – 'A'**<br>( પાના ક્રમાંક ..... થી ....... ) |
| ૨. | પાનકાર્ડ :<br>આ સબબના ડોકયુમેન્ટસમાં પાનકાર્ડ ધરાવનાર વ્યકિત/પેઢીનું નામ તેમજ પાનકાર્ડના નંબરની વિગતોનો સમાવેશ થવો જરૂરી છે. | **Appendix – 'B'**<br>( પાના ક્રમાંક ..... થી ....... ) |
| ૩. | વ્યવસાય વેરા નોંધણી નંબર :<br>આ સબબના ડોકયુમેન્ટસમાં વ્યવસાય વેરા રજીસ્ટ્રેશન નંબરઃ રજીસ્ટ્રેશન નંબર આપ્યા તારીખ : નોંધણી કરનાર અધિકારીનો હોદ્દો અને કચેરીની વિગતોનો સમાવેશ થવો જરૂરી છે. | **Appendix – 'C'**<br>( પાના ક્રમાંક ..... થી ....... ) |
| ૪. | છેલ્લા ત્રણ વર્ષના આવક વેરાના રીટર્નની વિગતો :<br>આ સબબના ડોકયુમેન્ટસમાં એસેસમેન્ટ વર્ષ : ૨૦૧૬–૧૭, વર્ષ : ૨૦૧૭–૧૮ તેમજ વર્ષ : ૨૦૧૮–૧૯ ના રીટર્નની નકલ બીડવી. | **Appendix – 'D'**<br>( પાના ક્રમાંક ..... થી ....... ) |
| ૫. | ચાટર્ડ એકાઉન્ટન્ટ ધ્વારા પ્રમાણિત કરેલ છેલ્લા ત્રણ વર્ષના ટર્ન ઓવરની વિગતો :<br>આ સબબના ડોકયુમેન્ટસમાં એસેસમેન્ટ વર્ષ : ૨૦૧૬–૧૭ થી વર્ષ : ૨૦૧૮–૧૯ ના ટર્નઓવરની નકલ બીડવી. | **Appendix – 'E'**<br>( પાના ક્રમાંક ..... થી ....... ) |
| ૬. | ચાટર્ડ એકાઉન્ટન્ટ ધ્વારા પ્રમાણિત કરેલ છેલ્લા ત્રણ વર્ષના નફા/નુકશાનના પત્રકોની નકલો :<br>આ સબબના ડોકયુમેન્ટસમાં એસેસમેન્ટ વર્ષઃ ૨૦૧૬–૧૭ થી વર્ષ : ૨૦૧૮–૧૯ ના નફા/નૂકશાનના પત્રકોની નકલ બીડવી | **Appendix – 'F'**<br>( પાના ક્રમાંક ..... થી ....... ) |
| ૭. | ચાટર્ડ એકાઉન્ટન્ટ ધ્વારા પ્રમાણિત કરેલ છેલ્લા ત્રણ વર્ષના સરવૈયાના પત્રકોની નકલો<br>આ સબબના ડોકયુમેન્ટસમાં એસેસમેન્ટ વર્ષઃ ૨૦૧૬–૧૭ થી વર્ષ : ૨૦૧૮–૧૯ ના સરવૈયાની નકલ બીડવી. | **Appendix – 'G'**<br>( પાના ક્રમાંક ..... થી ....... ) |
| ૮. | અનુભવના પ્રમાણપત્રો / આ પ્રકારના તેમજ આ કક્ષાના ઈસમો પૂરા પાડવાની સરેરાશ વાર્ષિક રૂા.૧.૫૦ કરોડની સેવાઓ સંતોષકારક રીતે પૂરી પાડવા અંગેના ગુજરાત સરકાર અથવા તેના જાહેર સાહસો ધ્વારા આપવામાં આવેલ છેલ્લા ત્રણ વર્ષના આદેશ પત્રો.<br>**(પરિશિષ્ટ–૩ માં વિગતો દર્શાવવી)** | **Appendix – 'H'**<br>( પાના ક્રમાંક ..... થી ....... ) |

| ક્રમ | દસ્તાવેજોનું નામ | બિડાણના પેજ નંબર |
| --- | --- | --- |
| ૧. | ૨. | ૪. |
| ૯. | રાજય સરકાર અથવા તેના કોઈપણ જાહેર સાહસ ધ્વારા એજન્સીને બ્લેક લીસ્ટમાં મુકવામાં આવેલ નથી, તે મતલબનું રૂા.૧૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર કરેલ અસલ સોગંધનામુ **(પરિશિષ્ટ–૪ અનુસાર)** | **Appendix – 'I'**<br>( પાના ક્રમાંક ..... થી ....... ) |
| ૧૦. | કર્મચારી પ્રોવિડન્ડ ફંડની નોંધણી કરાવ્યા અંગેનું પ્રમાણપત્ર : આ સબબના ડોકયુમેન્ટસમાં કર્મચારી પ્રોવિડન્ડ ફંડનો નોંધણી નંબર, નોંધણી થયાની તારીખ, નોંધણી કરનાર અધિકારી / સંસ્થાના નામની વિગતોનો સમાવેશ થવો જરૂરી છે. | **Appendix – 'J'**<br>( પાના ક્રમાંક ..... થી ....... ) |
| ૧૧. | અંદાજીત ૧૦૦ ઈસમોની સેવાઓ પુરી પાડવા અંગે માન્ય લેબર લાયસન્સની નકલ બીડવાની રહેશે. | **Appendix – 'K'**<br>( પાના ક્રમાંક ..... થી ....... ) |
| ૧૨. | GSTની નોંધણી કરાવ્યા અંગેનું પ્રમાણપત્ર : આ સબબના ડોકયુમેન્ટસમાં GST રજીસ્ટ્રેશન નંબર, GSTની નોંધણી કરાવ્યાની તારીખ તેમજ GSTની નોંધણી કરનાર અધિકારીનો હોદ્દો અને કચેરીના નામની વિગતોનો સમાવેશ થવો જરૂરી છે. | **Appendix – 'L'**<br>( પાના ક્રમાંક ..... થી ....... ) |
| ૧૩. | ટેન્ડર ફીના **રૂ.૧૫,૦૦૦/–** ના ડીમાન્ડ ડ્રાફટની વિગત :<br>ડીમાન્ડ ડ્રાફટ નંબર :<br>તારીખ :<br>બેંકનું નામ : | **Appendix – 'M'**<br>( પાના ક્રમાંક ..... થી ....... ) |
| ૧૪. | ઈ.એમ.ડી.ના **રૂ.૨૧.૦૦ લાખ**ના ડીમાન્ડ ડ્રાફટની વિગત :<br>ડીમાન્ડ ડ્રાફટ નંબર :<br>તારીખ :<br>બેંકનું નામ : | **Appendix – 'N'**<br>( પાના ક્રમાંક ..... થી ....... ) |
| ૧૫. | કામદાર રાજય વિમા અધિનિયમ (Employees State Insurance Corporation -ESIC) / કામદાર વળતર અધિનિયમ હેઠળનું પ્રમાણપત્ર. | **Appendix – 'O'**<br>( પાના ક્રમાંક ..... થી ....... ) |

**નોંધ :–ટેકનીકલ બીડની સાથે પરિશિષ્ટ–૧, ૨, ૩ અને ૪ ની માહિતી પણ પૂરી પાડવાની રહેશે.**

હું / અમો જાહેર કરીએ છીએ કે, મારી / અમારી જાણ મુજબ ઉપર દર્શાવેલ તમામ માહિતી સાચી છે. વધુમાં અસલ દસ્તાવેજો રજુ કરવાની જરૂરીયાત ઉભી થશે તો હું / અમો અસલ દસ્તાવેજો નિયત સમય–મર્યાદામાં રજૂ કરવા બંધાયેલ છું / છીએ.

ટેન્ડર ભરનાર
એજન્સીની સહી અને સિકકો

## તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ/સેમી સ્કીલ્ડ/અનસ્કીલ્ડ) પ્રકારની કામગીરી માટે ઈસમો પૂરા પાડવા અંગેનું ઈ–ટેન્ડર

### :: પરિશિષ્ટ–૧ ::

### વર્ષ.૨૦૧૬–૧૭, ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯ માં ભરવામાં આવેલ ઈ.પી.એફ.ની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | માસ | ચલણ નંબર/તારીખ અને અન્ય વિગત હોય તો | રકમ | નોંધ |
|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
| | | | | |

ટેન્ડર ભરનાર
એજન્સીની સહી અને સિકકો

## તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ/સેમી સ્કીલ્ડ/અનસ્કીલ્ડ) પ્રકારની કામગીરી માટે ઈસમો પૂરા પાડવા અંગેનું ઈ–ટેન્ડર

### :: પરિશિષ્ટ–૨ ::

### વર્ષ.૨૦૧૬–૧૭, ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯ માં ભરવામાં આવેલ કામદાર વિમાના પ્રિમિયમની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | માસ | ચલણ નંબર/તારીખ અને અન્ય વિગત હોય તો | રકમ | નોંધ |
|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
| | | | | |

ટેન્ડર ભરનાર
એજન્સીની સહી અને સિકકો

## તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ/સેમી સ્કીલ્ડ/અનસ્કીલ્ડ) પ્રકારની કામગીરી માટે ઈસમો પૂરા પાડવા અંગેનું ઈ–ટેન્ડર

### :: પરિશિષ્ટ–૩ ::

### રાજય સરકાર અને તેના સાહસોમાં તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ/સેમી સ્કીલ્ડ/ અનસ્કીલ્ડ) પ્રકારની કામગીરી માટેના જુદા જુદા ઈસમો પૂરા પાડયા અંગેના અનુભવની વિગત દર્શાવતું પત્રક

| અ. નં. | રાજય સરકાર અને તેના સાહસોની કચેરીનું નામ | સમય ગાળો | | પૂરા પાડેલ ઈસમોનો પ્રકાર | પૂરા પાડેલ ઈસમોની કુલ સંખ્યા | ઈસમોને ચુકવેલ રકમ |
|---|---|---|---|---|---|---|
| | | તારીખથી | તારીખ સુધી | | | |
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. |
| | | | | | | |

ટેન્ડર ભરનાર
એજન્સીની સહી અને સિકકો

**તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ/સેમી સ્કીલ્ડ/અનસ્કીલ્ડ) પ્રકારની કામગીરી માટે ઈસમો પૂરા પાડવા અંગેનું ઈ–ટેન્ડર**

**:: પરિશિષ્ટ–૪ ::**

(અગાઉ સરકારી સંસ્થા ખાતે મેનપાવર સપ્લાયર તરીકેનું નામ બ્લેક લીસ્ટ થયેલ નથી તેનું રૂા.૧૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર નોટરી ધ્વારા પ્રમાણિત કરેલ સોગંધનામું જોડવું)

**: સોગંદનામું :**

આથી હું / અમો નીચે સહી કરનાર શ્રી ..........................................તે ........................................ના માલીક, ધર્મે.................................. ઉંમર વર્ષ આશરે .........................., ધંધો.................................... ઠે.........................................ના તે આજરોજ મારા ધર્મના સોગંધ અને સત્ય પ્રતિજ્ઞાપૂર્વક જણાવું છું / જણાવીએ છીએ કે હું / અમો / ..................................ફર્મ/કંપનીના નામે ..............................નો ધંધો કરું છું/ કરીએ છીએ. અમારી પેઢી ઉપર કોઈ કેસ ચાલતો નથી કે, અમારી પેઢીને સરકારી કામકાજ માટે બ્લેક લીસ્ટમાં મુકવામાં આવેલ નથી કે, અમારી પેઢી કોઈપણ સરકારી કામમાં ગેરરીતી કરતાં પકડાયેલ નથી. આ બાબતે હું / અમો સોગંધ ઉપર ખાતરી આપું છું / આપીએ છીએ.

**એજન્સીના માલિક / ભાગીદારની સહી ..................**
**એજન્સીના માલિક / ભાગીદારનું નામ..................**
**એજન્સીનો સિકકો**

:: પત્રક–૧ (પરિશિષ્ટ–૧) ::

| અ.નં. | સંવર્ગ | મળવાપાત્ર માસિક ફિકસ પગાર રૂા. |
|---|---|---|
| ૧. | ૨. | ૩. |
| **એન્જીનીયરીંગ ગૃપ** | | |
| (૧) | ઓવરશીયર(સીવીલ) | રૂા.૧૬૫૦૦/– |
| (૨) | જુનીયર ઈજનેર(સીવીલ) | રૂા.૨૦૦૦૦/– |
| (૩) | જુનીયર ઈજનેર(ઈલેકટ્રીકલ) | રૂા.૨૦૦૦૦/– |
| **ટેકનીકલ ગૃપ–૧(અ)** | | |
| (૧) | ખેતીવાડી અધિકારી /વેટરનરી ઓફીસર અને તેની સમકક્ષ / સીનીયર રીસર્ચ આસીસ્ટન્ટ (કૃષિ ઈજનેરી / ડેરી / હોમસાયન્સ / હોર્ટી / ફુડ–એગ્રો પ્રોસેસ ઈજનેર) | રૂા.૨૦૦૦૦/– |
| **ટેકનીકલ ગૃપ–૧(બ)** | | |
| (૧) | ખેતીવાડી મદદનીશ / ફીલ્ડ આસીસ્ટન્ટ / હોસ્ટેલ આસીસ્ટન્ટ / લાઈવસ્ટોક ઈન્સ્પેકટર / ટીચીગ આસીસ્ટન્ટ / આસીસ્ટન્ટ | રૂા.૧૬૫૦૦/– |
| (૨) | લાયબ્રેરી હેલ્પર | રૂા.૨૦૦૦૦/– |
| (૩) | લેબોરેટરી ઈન્સ્ટ્રકટર(આસીસ્ટન્ટ / ટેકનીશીયન) | રૂા.૧૬૫૦૦/– |
| (૪) | એકસ–રે–ટેકનીશીયન | રૂા.૧૬૫૦૦/– |
| (૫) | ડ્રાકટસમેન | રૂા.૧૬૫૦૦/– |
| **ટેકનીકલ ગૃપ–૨** | | |
| (૧) | ડીસ્ક લાયબ્રેરીયન | રૂા.૧૬૫૦૦/– |
| (૨) | ડેટા એન્ટ્રી / સ્ટેટેસ્ટીકલ આસીસ્ટન્ટ | રૂા.૧૬૫૦૦/– |
| (૩) | પ્રોગ્રામ આસીસ્ટન્ટ(કોમ્પ્યુટર) | રૂા.૨૦૦૦૦/– |
| **અન્ય સંવર્ગ** | | |
| (૧) | **અનુભવી વહીવટી / તાંત્રિક સ્ટાફ** | રૂા.૧૬૫૦૦/– |

**નોંધ :–ઉકત દર્શાવેલ તમામ સંવગોને પી.એફ., બોનસ કે અન્ય કોઈ લાભો મળવાપાત્ર થશે નહીં.**

(સહી)
કુલસચિવ
સ.દાં.કૃષિ યુનિવર્સિટી
સરદારકૃષિનગર

::પત્રક–૨ (પરિશિષ્ટ–૨ (અ, બ, ક) ::

| અ.નં. | જગ્યાનું નામ | મળવાપાત્ર માસિક ફિક્સ પગાર રૂા. |
|---|---|---|
| ૧. | ૨. | ૩. |
| (અ) | શ્રમયોગી : સ્કીલ્ડ (કુશળ) | રૂા.૧૦૨૧૨/– |

| અ.નં. | જગ્યાનું નામ | મળવાપાત્ર માસિક ફિક્સ પગાર રૂા. |
|---|---|---|
| ૧. | ૨. | ૩. |
| (બ) | શ્રમયોગી : સેમી સ્કીલ્ડ (અર્ધકુશળ) | રૂા.૯૯૬૧/– |

| અ.નં. | જગ્યાનું નામ | મળવાપાત્ર માસિક ફિક્સ પગાર રૂા. |
|---|---|---|
| ૧. | ૨. | ૩. |
| (ક) | શ્રમયોગી : અનસ્કીલ્ડ (બીનકુશળ) | રૂા.૯૭૧૧/– |

(signature)
કુલસચિવ
સ.દાં.કૃષિ યુનિવર્સિટી
સરદારકૃષિનગર

**આ યુનિવર્સિટી હસ્તકની જુદી જુદી કચેરીઓમાં "તાંત્રિક અને શ્રમયોગી (સ્કીલ્ડ/સેમી સ્કીલ્ડ/અનસ્કીલ્ડ) પ્રકાર" ની કામગીરી માટે અંદાજીત–૬૦૦ ઈસમોની સેવાઓ પૂરી પાડવા અંગેની આઉટસોર્સિંગ એજન્સી નકકી કરવા અંગેની બોલીઓ અને શરતો :–**

.............................................................................................................

૧. એજન્સીએ ઈ–ટેન્ડરથી ટેન્ડર ભરવાનું રહેશે.

૨. તમામ ઈ–ટેન્ડર સાથે **રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા)** ની ઈ–ટેન્ડર ફી પેટે **"ડીમાન્ડ ડ્રાફ્ટ" "એસ.ડી.એ.યુ. ફંડ એકાઉન્ટ"** ના નામનો Payable at **એસ.બી.આઈ., દાંતીવાડા**નો મોકલવાનો રહેશે, આ સિવાયના ઈ–ટેન્ડરો સ્વીકારવામાં આવશે નહિ. ટેન્ડર માન્ય અથવા અમાન્ય ઠરે અથવા રદ કરવામાં આવશે તો પણ ટેન્ડર ફી પરત કરવામાં આવશે નહી. ટેન્ડરની ૧૧ માસ માટે અંદાજીત રકમ **રૂા.૭.૦૦ કરોડ** નકકી કરવામાં આવેલ છે.

૩. ટેન્ડર ભરનાર એજન્સીએ ટેન્ડર મોકલતી વખતે **૩%** લેખે **રૂા.૨૧.૦૦ લાખ (અંકે રૂપિયા એકવીસ લાખ પુરા) અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈ.એમ.ડી.)** પેટે **"એસ.ડી.એ.યુ. ફંડ એકાઉન્ટ"** ના નામનો એસ.બી.આઈ., દાંતીવાડા ખાતે ચુકવણી થઈ શકે તે પ્રકારનો **"ડીમાન્ડ ડ્રાફ્ટ"** ટેકનીકલ બીડ સાથે મોકલી આપવાનો રહેશે. જે રકમ ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પરત ચૂકવવામાં આવશે.

૪. જે એજન્સીનું ટેન્ડર માન્ય ઠરશે તે એજન્સી ધ્વારા મંજૂર થયેલ ટેન્ડરની **૧૧ માસની રકમના ૫% લેખે સીકયોરીટી ડીપોઝીટ રાષ્ટ્રીયકૃત બેન્કની એફ.ડી.આર./ બેન્ક ગેરંટી સ્વરૂપે વર્કઓર્ડર મળ્યાના દિન–૦૫** માં યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે. જો માન્ય ઠરેલ એજન્સી જરૂરીયાત મુજબના ઈસમો માટે ટેન્ડર મુજબની કામગીરી કરવાની ના પાડશે તો સીકયોરીટી ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે અને તેનો કરાર રદ કરવામાં આવશે અને સદર કરાર બાબતે તેઓ કોઈ હકકદાવો કરી શકશે નહી તેમજ તે એજન્સીને બ્લેક લીસ્ટ કરવામાં આવશે અને સીકયોરીટી ડીપોઝીટ તરીકે રાષ્ટ્રીયકૃત બેન્કની બેન્ક ગેરંટી આપવામાં આવે તો તેની અવધી **૨૪(ચોવીસ) માસની** રાખવાની રહેશે.

૫. સીકયોરીટી ડીપોઝીટની રકમ કરારની મુદત પૂર્ણ થયા બાદ વસુલાતની ચકાસણી થયા પછી કામગીરી સંતોષકારક જણાયે ૯૦ દિવસમાં પરત કરવામાં આવશે. સીકયોરીટી ડીપોઝીટની રકમ ઉપર કોઈપણ પ્રકારનું વ્યાજ ચુકવવાપાત્ર થશે નહિ.

૬. તાંત્રિક અને શ્રમયોગી (સ્કીલ્ડ/સેમી સ્કીલ્ડ/અનસ્કીલ્ડ) પ્રકારની કામગીરી માટે પુરા પાડવામાં આવનાર ઈસમોને શ્રમ અને રોજગાર વિભાગ ધ્વારા નકકી કરવામાં આવેલ મીનીમમ વેજીસ એકટ મુજબના દરે વેતન યુનિવર્સિટી ધ્વારા એજન્સીને ચુકવવામાં આવશે.

૭. સરકારશ્રીની જોગવાઈ અનુસાર જી.એસ.ટી. લાગુ પડતો હશે તો યુનિવર્સિટી ધ્વારા ચુકવવામાં આવશે.

૮. L1 પાર્ટીએ જરૂરી વર્ક ઓર્ડર જારી થયેથી પુરા પાડવામાં આવનાર ઈસમોનો ગૃપ ઈન્સ્યોરન્સ લેવાનો રહેશે. સદરહુ ઈન્સ્યોરન્સની પોલીસી / વિમા પ્રિમીયમ ભર્યા અંગેની પાવતી અત્રેની યુનિવર્સિટીને રજુ કર્યેથી ખરેખર ભરેલ વિમા પ્રિમીયમની રકમ યુનિવર્સિટી ધ્વારા ઈસમો પુરા પાડનાર એજન્સીને રીએમ્બર્સ કરવામાં આવશે.

૯. **ટેન્ડર ભરનાર પાર્ટીએ ફકત તેમનો સર્વિસ ચાર્જ (ટકાવારીમાં) ફાઈનાન્સીયલ બીડમાં ભરવાનો રહેશે.**

૧૦. તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારની કામગીરી માટે સેવાઓ પૂરી પાડવા અંગે ભારત સરકારશ્રી / ગુજરાત સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગ અથવા અન્ય સંબંધિત વિભાગ ધ્વારા માન્ય રજીસ્ટર્ડ / લાયસન્સ ધરાવતી એજન્સીઓ જ ઈ–ટેન્ડરની પ્રક્રિયામાં ભાગ લઈ શકશે. એજન્સીએ શ્રમ અને રોજગાર વિભાગ અથવા અન્ય સંબંધિત વિભાગ ધ્વારા આપવામાં આવેલ લાયસન્સની નકલ ઈ–ટેન્ડર સાથે રજુ કરવાની રહેશે. એજન્સીને કોન્ટ્રાકટ મળ્યા બાદ યુનિવર્સિટીના ઉપરોકત નિયમો અને શરતોનો સમાવેશ કરતું રૂા.૧૦૦/– ના સ્ટેમ્પ ઉપર એગ્રીમેન્ટ આપવાનું રહેશે, જેનો ખર્ચ એજન્સીએ ભોગવવાનો રહેશે.

૧૧. સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની તમામ કચેરીઓને તાંત્રિક અને શ્રમયોગી (સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારની કામગીરીની સેવાઓ માટે આ સાથે સામેલ **પત્રક–૧ કે જે પરિશિષ્ટ–૧ માં છે અને પત્રક–ર કે જે પરિશિષ્ટ–ર માં(અ, બ અને ક)** મુજબના ઈસમો પૈકી જરૂરીયાત મુજબના ઈસમો માસિક મહેનતાણાના આધારે વધુમાં વધુ ૧૧ માસ અથવા જે તે કચેરીની જરૂરીયાત મુજબ તેથી ઓછા સમયગાળા માટે પૂરા પાડવાના રહેશે.

૧ર. તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારના ઈસમોની સેવાઓ અંગેનો કોન્ટ્રાકટ નકકી કરતાં પહેલાં કોઈપણ કારણ દર્શાવ્યા વિના કે કોઈપણ સમયે ઈ–ટેન્ડર સ્વીકારવા કે રદ કરવાનો અબાધિત અધિકાર સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીને રહેશે. તેથી આવા કારણોસર કોઈપણ એજન્સી કોઈ વાદ–વિવાદ ઉભો કરી શકશે નહી અને જો કોઈ વાદ–વિવાદ ઉભો કરશે, તો પણ તે અંગે સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની જવાબદારી રહેશે નહી.

૧૩. તાંત્રિક અને શ્રમયોગી (સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારની કામગીરી માટેના ઈસમો પૂરા પાડતી એજન્સીએ "લેબર કોન્ટ્રાકટ એમ્પ્લોયમેન્ટ એકટ" ની તમામ શરતો / નિયમોનો અમલ કરવાનો રહેશે.

૧૪. તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારના ઈસમો પૂરા પાડવાના થાય ત્યારે એજન્સીએ પૂરા પાડેલ તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારના ઈસમો યુનિવર્સિટી નકકી કરે તે પસંદગી સમિતિ સમક્ષ ઉપસ્થિત થવાનું રહેશે અને પસંદગી સમિતિ પસંદ કરે તેવા જ તાંત્રિક અને શ્રમયોગી (સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારના ઈસમોને મેરીટના આધારે પુરા પાડવાના રહેશે.

૧૫. તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ/સેમી સ્કીલ્ડ/અનસ્કીલ્ડ) પ્રકારની સેવા પૂરી પાડતી એજન્સી ભારતના કાયદા કાનૂન અંતર્ગત સંચાલિત હોવી જોઈશે તેમજ સદર કાયદાઓને બંધનકર્તા અને તેને આધિન રહેશે.

૧૬. એજન્સીના તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારના ઈસમોની નોકરી અને તેને આનુસાંગીક કોઈપણ બાબત જેવી કે, માલિક અને નોકરના સબંધ અથવા તો કોઈ અન્ય બાબતો અંગે યુનિવર્સિટીની કોઈ કાયદાકીય જવાબદારી રહેશે નહિ. એજન્સીના તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારના ઈસમોની સેવા બાબતે કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેમાં યુનિવર્સિટીને કોઈપણ સ્વરૂપમાં લેવા દેવા રહેશે નહિ.

૧૭. સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીને પૂરા પાડેલ તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારના ઈસમોના વિવાદ માટે જવાબદાર રહેશે નહિ. તેમજ આવા તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ પ્રકારના ઈસમો કોઈપણ સંજોગોમાં કે કોઈપણ રીતે સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કર્મચારી તરીકેના દાવેદાર થઈ શકશે નહિ.

૧૮. એજન્સીને સોંપેલ કોન્ટ્રાકટ અન્વયે કરવામાં આવતા ચૂકવણામાંથી સરકારશ્રીના પ્રવર્તમાન નિતિ–નિયમો તથા તેમાં વખતો–વખત થતા સુધારા મુજબના કરવેરાની કપાત દરેક મહિને કરવામાં આવશે, જે સબંધિત એજન્સીને માન્ય રાખવાની રહેશે.

૧૯. તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારની સેવાઓ પૂરી પાડતી એજન્સીએ તેના ધ્વારા રોકવામાં આવેલ તાંત્રિક તથા શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારના ઈસમોના વેતનનું ચૂકવણૂં જે તે મહિનાની ૫મી તારીખ સુધી કરી પુરા પાડેલ ઈસમોનું બીલ કચેરીમાં રજુ કરવાનું રહેશે. **આ શરતનો અમલ ચુસ્તપણે કરવાનો રહેશે.**

૨૦. તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારના ઈસમો પૂરા પાડતી એજન્સીને સરકારી / અર્ધસરકારી અથવા મોટી સંસ્થાને ઓછામાં ઓછા ૨૦૦ તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારના ઈસમોની સેવાઓ પૂરી પાડવાનો લઘુત્તમ ત્રણ વર્ષનો અનુભવ જરૂરી છે, તેમજ તેઓએ જે સરકારી/અર્ધસરકારી અથવા મોટી સંસ્થાઓમાં તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારની કામગીરીની સેવા પૂરી પાડેલ હોય તેવી ત્રણ સંસ્થાઓના જરૂરી દસ્તાવેજ પુરા પાડવાના રહેશે.

૨૧. તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારના ઈસમો પૂરા પાડતી એજન્સીના કોઈપણ તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારના ઈસમને અકસ્માત કે માંદગી થાય તો તે અંગે સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિ તથા તે અંગે કોઈપણ જાતનું વળતર યુનિવર્સિટી ધ્વારા ચૂકવવામાં આવશે નહિ.

૨૨. એજન્સી ધ્વારા માસિક જરૂરીયાત મુજબના તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારના ઈસમો યુનિવર્સિટીને પૂરા પાડવાના રહેશે અને કોઈપણ દિવસે એજન્સી તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારના ઈસમો પૂરા પાડી ન શકે તો સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીને યોગ્ય જણાય તે રીતે એજન્સી પાસેથી દંડ વસુલી શકશે.

૨૩. એજન્સી ધ્વારા પુરા પાડવામાં આવેલ તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારના ઈસમોને કરારની શરતોને આધીન તેઓની સંખ્યા તથા નામ મુજબનું રજીસ્ટર નિભાવવાનું રહેશે. તેમજ સદરહુ રજીસ્ટરની નકલ દર માસે બીલ સાથે જોડવાની રહેશે.

૨૪. સરકારશ્રીના વખતો–વખતના નિયમો મુજબ આ રીતે રોકવામાં આવેલ તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારના ઈસમો લેબર કાયદો તથા વિમો, વિગેરેના તમામ નિયમોનો અમલ કરવાની સંપૂર્ણ જવાબદારી જે તે એજન્સીની રહેશે અને તેનો અમલ કર્યા અંગેના આધારો સહીત યુનિવર્સિટીને ખાત્રી કરાવવાની રહેશે. આ કોન્ટ્રાકટ (અગીયાર માસ) ના સમય દરમ્યાન સરકારશ્રી તરફથી આ સમયગાળા માટે જો લઘુતમ

વેતનમાં વધારો સરકારી જાહેરનામા દ્વારા કરવામાં આવશે તો જે તે કક્ષાના તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારના ઈસમો માટે નકકી થયા મુજબનો વધારો આ યુનિવર્સિટી દ્વારા ચુકવવામાં આવશે. જો કે એકવાર આ કોન્ટ્રાકટનો અગીયાર માસનો સમય પૂર્ણ થયા પછી કોઈપણ સમયગાળા માટે કોઈ વધારો જાહેર થાય તો તેની ચુકવણી કરવાની જવાબદારી ઈસમો પુરા પાડનાર એજન્સીની રહેશે. તેમજ તે સબબ યુનિવર્સિટી દ્વારા કોઈ ચુકવણું કરવામાં આવશે નહી.

૨૫. તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારના ઈસમો પુરા પાડવાની બાબત અંગેના તમામ કાયદાઓના પાલનની જવાબદારી એજન્સીની રહેશે અને તે માટે સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી કોઈપણ સંજોગોમાં જવાબદાર રહેશે નહિ. કરાર અન્વયે સુવિધા / સેવા પૂરી પાડવા રોકવામાં આવેલ તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારના ઈસમોને સંબંધિત કાયદા અને નિયમોની જોગવાઈ અનુસાર વેતન ચૂકવવાની જવાબદારી સંપૂર્ણપણે એજન્સીની રહેશે.

૨૬. એજન્સી ધ્વારા ફરિયાદપોથી અને માંગણી રજુઆત મળ્યા અંગેનું એક રજીસ્ટર તેમની કેમ્પ ઓફીસ ખાતે નિભાવવાનું રહેશે.

૨૭. એજન્સીએ ઈન્કમટેક્ષ ઓફિસરનું ટી.ડી.એસ. મુકિત અંગેનું પ્રમાણપત્ર મેળવી લેવાનું રહેશે અન્યથા આવકવેરા / જી.એસ.ટી.ના નિયમો અનુસાર ટી.ડી.એસ.ની કપાત તેમના માસિક ચૂકવણામાંથી કરવામાં આવશે.

૨૮. તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારના ઈસમો પૂરા પાડનાર એજન્સીના તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારના ઈસમો ધ્વારા યુનિવર્સિટીની સંપત્તિને જો કોઈ નુકશાન કરવામાં આવશે અથવા તેમની ફરજ દરમ્યાન યુનિવર્સિટીની માલ–મિલ્કતની ચોરી, તોડફોડ, વિગેરે ધ્વારા થયેલ નુકશાનીની વસુલાત એજન્સી પાસેથી કરવામાં આવશે તથા તેની સંપૂર્ણ જવાબદારી એજન્સીની રહેશે.

૨૯. તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારની સેવાઓ પૂરી પાડનાર એજન્સીના તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારના ઈસમો ધ્વારા તેમની અણઆવડત, બેદરકારી કે હેતુપૂર્વક તથા અન્ય કોઈપણ કારણસર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે યુનિવર્સિટીની મિલ્કતો સહિત કોઈપણ સાધન સામગ્રી કે સેવાને, સરકારી રેકર્ડ કે અધિકારી/ કર્મચારીઓની વસ્તુને થયેલ તમામ નુકશાની ભરપાઈ કરવાની જવાબદારી એજન્સીની રહેશે.

૩૦. તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારના ઈસમોની ફરજો અને સમય યુનિવર્સિટીના જણાવ્યા મુજબ ગોઠવવાની રહેશે. આકસ્મિક સંજોગોમાં તથા કામની અગત્યતાને ધ્યાને લઈ કામકાજના કલાકો ઉપરાંત પણ કામગીરી લેવામાં આવે ત્યારે યુનિવર્સિટી તરફથી વધારાનું કોઈ મહેનતાણું ચૂકવવામાં આવશે નહિ, તેમજ તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારના ઈસમોએ સમયનું પાલન કરવાનું રહેશે અને સોંપેલ ફરજ ચુસ્તપણે બજાવવાની રહેશે.

૩૧. યુનિવર્સિટી પોતાની જરૂરીયાત મુજબના તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારના ઈસમોની સંખ્યામાં વધારો કે ઘટાડો કરી શકશે.

૩૨. આ કરારનામું કરાર થયાની તારીખથી અગિયાર માસ માટે અમલમાં રહેશે અને ત્યારબાદ પરસ્પર સહમતીથી સદરહું કરાર એજન્સીની સંતોષકારક કામગીરીને ધ્યાને લઈ વધુ અગિયાર માસ માટે અથવા નવો કોન્ટ્રાકટ અમલમાં આવે ત્યાં સુધી (બેમાંથી જે ઓછું હોય તે) માટે લંબાવી શકાશે.

૩૩. **જરૂર પડે એક માસની મુદતની નોટીસ આપી એજન્સીની સેવા સમાપ્ત કરી શકાશે.**

૩૪. જો એજન્સીને કોઈપણ સરકારી કચેરી/સંસ્થાએ ભૂતકાળમાં બ્લેકલીસ્ટમાં મૂકેલ હશે અથવા તો તેમની કામગીરી અસંતોષકારક જણાતાં તેનો કરાર સમયમર્યાદા પૂરી થયા પહેલાં રદ કરેલ હશે, તેવી એજન્સી આ કરાર મેળવવા હકદાર રહેશે નહિ અને પાછળથી તે બાબત અત્રેની યુનિવર્સિટીને ધ્યાનમાં આવે તો યુનિવર્સિટી તેનો કરાર રદ કરી શકશે અને ડીપોઝીટ પણ જપ્ત કરવામાં આવશે.

૩૫. એજન્સીએ પૂરા પાડેલ તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારના ઈસમોનો ગૃપ / પર્સનલ એકસીડન્ટ પોલીસી હેઠળ જરૂરી વીમો ઉતારવાની જવાબદારી એજન્સીની રહેશે અને તેના આધાર–પુરાવા રજુ કરવાના રહેશે.

૩૬. આ કરાર બિન તબદીલ પાત્ર છે. તેથી તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારના ઈસમોની સેવા પૂરી પાડનાર એજન્સી પેટા એજન્સી રોકી શકશે નહી.

૩૭. જો એજન્સી તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારના ઈસમોની સેવા સંતુષ્ટ રીતે પૂરી પાડવામાં નિષ્ફળ નિવડે અને કચેરીને તેની સેવાઓથી અસંતોષ જણાશે, તો એજન્સીની સિકયુરીટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે અને તેની સેવાઓ સમાપ્ત કરવામાં આવશે. આ બાબતે તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારની કામગીરીની સેવા આટોપી લેવા એક માસની લેખિત નોટીસ આપવામાં આવશે તેમજ સદર કારણોસર કરારની અવધિ પુરી થતાં પહેલાં કરાર રદ કરવાના કારણે એજન્સીને થયેલ ખર્ચ, નુકસાન કે અન્ય કોઈપણ મુશ્કેલી માટે યુનિવર્સિટી જવાબદાર રહેશે નહી.

૩૮. જો એજન્સી કરાર ચાલુ રાખવા ઈચ્છતી ન હોય તો તેણે ત્રણ માસની નોટીસ આપવી પડશે. આવી નોટીસ આપ્યા વિના એજન્સી ધ્વારા સેવા આપવાનું બંધ કરી દેવામાં આવે તો તેવી પરિસ્થિતિમાં તેની સિકયોરીટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે. આ બાબતે એજન્સી કોઈપણ પ્રકારનો દાવો કરી શકશે નહી અને કોઈ કાયદાકીય કાર્યવાહી પણ કરી શકશે નહી.

૩૯. એજન્સી માલિકના મૃત્યુના કિસ્સામાં કરાર સમાપ્ત થયેલો ગણાશે અને તેના કાયદેસરના વારસદારોનો કોઈ હકક–દાવો રહેશે નહી.

૪૦. ફરજના સ્થળે આવવા–જવાની વ્યવસ્થા તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારના ઈસમોએ પોતે અથવા એજન્સીએ કરવાની રહેશે. યુનિવર્સિટી તરફથી આવી કોઈ વ્યવસ્થા કરી આપવામાં આવશે નહી.

૪૧. કોન્ટ્રાકટની કોઈપણ શરતના અર્થઘટન કરવા બાબતે પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે અંગે નિર્ણય લેવાની આખરી સત્તા સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની રહેશે.

૪૨. ટેન્ડર અંગે કોઈ પત્ર–વ્યવહાર કે ફોન કરવા નહી, કોઈપણ રીતે ટેન્ડરની પ્રક્રિયાને પ્રભાવીત કરવાનો પ્રયત્ન તે ગેરલાયક ગણાશે અને તેમનું ટેન્ડર રદ કરવામાં આવશે.

૪૩. યુનિવર્સિટી અને એજન્સી વચ્ચે કરારની કોઈ જોગવાઈના પાલન બાબતે કે અન્ય કોઈ વહીવટી બાબતે કોઈ પ્રશ્ન ઉભા થાય તો તે સબબ આ યુનિવર્સિટીના કુલપતિશ્રીનો નિર્ણય આખરી અને અબાધિત રહેશે.

૪૪. કરારની મુદત દરમિયાન એજન્સી સેવા પૂરી પાડવામાં નિષ્ફળ જાય તો યુનિવર્સિટીએ નવી એજન્સી નકકી કરવાની ટેન્ડર પ્રક્રિયા અંગે થનાર સમગ્ર ખર્ચ જે તે એજન્સી પાસેથી વસુલ કરવામાં આવશે.

૪૫. એજન્સી ધ્વારા તેમના તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારના ઈસમો માટે યુનિવસિટીના કોઈપણ સ્થળનો રહેઠાણ તરીકે ઉપયોગ કરી શકશે નહી.

૪૬. એજન્સીએ રાખેલા તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારના ઈસમોનો પાછલો રેકોર્ડ ગુનાહિત ન હોવા અંગેનું પોલીસ વેરીફીકેશન કરાવવાની જવાબદારી એજન્સીની રહેશે.

૪૭. એજન્સી યુનિવર્સિટીના કેન્દ્રોમાં તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારના ઈસમોની સેવાઓ પૂરી પાડવા અંગેની કામગીરી સિવાયની અન્ય કોઈ પ્રવૃત્તિ, ધંધો, વ્યવસ્થા કરી શકશે નહી અને જો તેમ કરતા માલૂમ પડશે તો એજન્સીએ તેમને કામગીરીમાંથી બેદખલ કરવાના રહેશે. અન્યથા એજન્સીના કરારનો અંત કરી તેની સિકયોરીટી ડીપોઝીટ જપ્ત કરવાની કાર્યવાહી યુનિવર્સિટી કરશે.

૪૮. એજન્સીના માલિક કે તેમના ધ્વારા પૂરા પાડવામાં આવેલ તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારના ઈસમો યુનિવર્સિટીમાં પ્રતિબંધિત ચીજ–વસ્તુ, ખાદ્ય પદાર્થ, પીણું લાવી શકશે નહી.

૪૯. અધુરી, અસ્પષ્ટ કે સંદિગ્ધ ભાષામાં ટેન્ડર ભરનાર એજન્સીનું ટેન્ડર રદબાતલ ગણાશે.

૫૦. એજન્સીએ પૂરા પાડેલ ઈસમોના ટેલીફોન/મોબાઈલ નંબર તેમના તાત્કાલિક સંપર્ક માટે સંબંધિત કચેરીને પૂરા પાડવાના રહેશે.

૫૧. ટેન્ડર સાથે સામેલ પરિશિષ્ટ–૧ મુજબની જગ્યાઓનો સમાવેશ તાંત્રિક સંવર્ગમાં તેમજ પરિશિષ્ટ–૨(અ) મુજબની જગ્યાઓનો સમાવેશ સ્કીલ્ડમાં, પરિશિષ્ટ–૨(બ) મુજબની જગ્યાઓનો સમાવેશ સેમી સ્કીલ્ડમાં અને પરિશિષ્ટ–૨(ક) મુજબની જગ્યાઓનો સમાવેશ અનસ્કીલ્ડ શ્રમયોગીમાં થશે.

૫૨. જે તે સંવર્ગના કરાર આધારીત તાંત્રિક અને શ્રમયોગી(સ્કીલ્ડ / સેમી સ્કીલ્ડ / અનસ્કીલ્ડ) પ્રકારના ઈસમો માટે સરકારશ્રી ધ્વારા વખતો–વખત નકકી કરેલ દર મુજબ મુસાફરી ભથ્થું સામાન્ય દરે ચુકવવાપાત્ર થશે. મુસાફરી ભથ્થાંની રકમ ઉપર એજન્સીએ કોઈપણ જાતનો ચાર્જ આકારવાનો રહેશે નહી.

૫૩. કરાર આધારીત રોકવામાં આવનાર ઈસમોને પ્રતિમાસ વધુમાં વધુ ૨૬ દિવસનું વેતન ચૂકવવાપાત્ર થશે.

૫૪. કરાર આધારીત રોકવામાં આવનાર ઈસમોને માસિક એક પરચુરણ રજા (સી.એલ.) મળવાપાત્ર થશે.

૫૫. કરાર આધારીત રોકવામાં આવનાર ઈસમોના વિમા માટે વિમામાં ઈસમોને કયા કયા લાભો મળવાપાત્ર થાય છે, તેનું અલાયદી પત્રક ટેકનીકલ બીડ સાથે જોડવાનું રહેશે. વધુમાં કઈ કંપનીનું વિમા કવચ છે, જે આધાર સહ રજુ કરવાનું રહેશે. ત્યારબાદ વિમા પોલીસીનું ચૂકવેલ પ્રિમિયમ ચૂકવવામાં આવશે.

કુલસચિવ
સ.દાં.કૃષિ યુનિવર્સિટી
સરદારકૃષિનગર

ઉપરોકત શરતો અને બોલીઓ મને / અમોને સ્વીકાર્ય છે.

ટેન્ડર ભરનાર
એજન્સીની સહી અને સિકકો

## :: ટેન્ડરની અન્ય વિગતો ::

**(૧) <u>નિવિદાના દસ્તાવેજો ડાઉનલોડ કરવા અંગે.</u>**

૧. નિવિદાના તમામ દસ્તાવેજો *www.nprocure.com* તેમજ *www.sdau.edu.in* ની વેબસાઈટ ઉપર જોવા મળશે.

૨. સદર નિવિદા અન્વયે ભાગ લેવા ઈચ્છતી એજન્સીની નોંધણી *www.nprocure.com* ની વેબસાઈટ ઉપર થયેલ હોવી જોઈશે.

**(૨) <u>ફાઈનાન્શીયલ બીડ રજુ કરવા અંગે</u>**

૧. **એજન્સી ધ્વારા ફાઈનાન્શીયલ બીડની (ઓનલાઈન સબમીટ કર્યા મુજબ) નકલ સીલબંધ કવરમાં ટેન્ડરની સાથે અલગ કવરમાં પોસ્ટ/કુરીયર ધ્વારા સબમીશનની છેલ્લી તારીખ :–૧૭/૦૩/૨૦૨૦ ના ૧૮.૦૦ કલાક સુધીમાં કુલસચિવશ્રી, સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગરની કચેરી ખાતે પહોંચતા કરવાના રહેશે અન્યથા ઓફર રદ થવાને પાત્ર ઠરશે.**

૨. nprocure પર મળેલ ફાઈનાન્શીયલ બીડ અને રૂબરૂમાં કચેરીમાં જમા કરાવાયેલ બીડમાં ફેરફાર હશે તો તેવું ફાઈનાન્શીયલ બીડ અમાન્ય ગણાશે. એક વખત ટેન્ડર ડોકયુમેન્ટસ આ કચેરીએ જમા કરાવ્યા બાદ તેમાં કોઈ જ પ્રકારના ફેરફાર કરી શકાશે નહી કે વધારાના ડોકયુમેન્ટસ સ્વીકારવામાં આવશે નહી.

**(૩) <u>ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને અન્ય દસ્તાવેજો રજુ કરવા અંગે.</u>**

૧. ટેન્ડર ફી પેટે **"એસ.ડી.એ.યુ. ફંડ એકાઉન્ટ" ના નામનો Payable at રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) નો ભારતીય સ્ટેટ બેંક, દાંતીવાડા શાખા** ખાતે ચૂકવવા પાત્ર **"ડીમાન્ડ ડ્રાફટ"** ટેકનીકલ બીડ સાથે રજુ કરવાનો રહેશે. ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ બાદ ઈસ્યુ થયેલ ડીમાન્ડ ડ્રાફટ સ્વીકારવામાં આવશે નહી અને આવો ડીમાન્ડ ડ્રાફટ રજુ કરનાર એજન્સીનું ટેન્ડર ખોલ્યા વિનાજ રદ કરવામાં આવશે.

૨. **ઈ.એમ.ડી. પેટે રૂા.૨૧.૦૦ (અંકે રૂપિયા એકવીસ લાખ પુરા) નો "એસ.ડી.એ.યુ. ફંડ એકાઉન્ટ" ના નામનો ભારતીય સ્ટેટ બેંક, દાંતીવાડા** ખાતે ચૂકવવા પાત્ર **"ડીમાન્ડ ડ્રાફટ"** ટેકનીકલ બીડ સાથે રજુ કરવાનો રહેશે. ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ બાદ ઈસ્યુ થયેલ ડીમાન્ડ ડ્રાફટ સ્વીકારવામાં આવશે નહી અને આવો ડીમાન્ડ ડ્રાફટ રજુ કરનાર એજન્સીનું ટેન્ડર ખોલ્યા વિના જ રદ કરવામાં આવશે.

**(૪) <u>ટેન્ડર ખોલવા અંગે.</u>**

૧. ટેકનીકલ બીડ નિવિદામાં દર્શાવેલ તારીખ અને સમયે કુલસચિવશ્રીની કચેરી, સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર ખાતે નિયત કમિટીની હાજરીમાં ખોલવામાં આવશે.

૨. ટેકનીકલ બીડ ખોલવાની તારીખ અને સમયે સરદારકૃષિનગર ખાતે ટેન્ડર ભરનાર એજન્સીના માલીક અથવા તેના નિયત કરેલ પ્રતિનિધિઓ હાજર રહી શકશે.

૩. આવેલ ટેકનીકલ બીડોની નિવિદામાં દર્શાવેલ તારીખ અને સમયે ચકાસણી થયા બાદ જે એજન્સીઓના ટેકનીકલ બીડ માન્ય ઠરશે તે એજન્સીઓના જ ઓનલાઈન રજુ કરેલ ફાઈનાન્શીયલ બીડ નિવિદામાં દર્શાવેલ તારીખ અને સમયે ઉપર દર્શાવેલ nprocureની કચેરી ખાતે ખોલવામાં આવશે.

૪. આવા nprocure ખાતે ખોલેલ L1 થી L3 ના ભાવોની નિયત તારીખ/સમયે આ કચેરી ખાતે સબંધિત ત્રણેય એજન્સીના માલિકો પૈકી જે હાજર રહે તેની રૂબરૂમાં આ કચેરીમાં જમા કરાવવામાં આવેલ ફાઈનાન્શીયલ બીડ સાથે સરખામણી કરવામાં આવશે. જો તેમાં ફેરફાર જણાશે તો સબંધિત એજન્સીનું બીડ અમાન્ય ગણાશે.

(૫) <u>સંપર્ક અધિકારી અંગે.</u>

સદર નિવિદા અંગેની વધુ માહિતી / જાણકારી માટે **"કુલસચિવશ્રી, સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર–૩૮૫૫૦૬, જિ.બનાસકાંઠા"** ની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

(૬) <u>જનરલ સૂચનાઓ.</u>

૧. ઓનલાઈન ટેન્ડર માટે ભરેલ ટેન્ડર ફી કોઈપણ સંજોગોમાં પરત ચૂકવવામાં આવશે નહી.

૨. દરેક એજન્સીએ નિવિદા સાથે સામેલ તમામ શરતો અને બોલીઓનો પૂરતો અભ્યાસ કરીને જ ઓનલાઈન ટેન્ડર ભરવાનું રહેશે અને જરૂર જણાયે પ્રી–બીડ મીટીગમાં હાજર રહેવાનું રહેશે.

**કુલસચિવ**
**સ.દાં.કૃષિ યુનિવર્સિટી**
**સરદારકૃષિનગર**

**ઉપરોક્ત શરતો અને બોલીઓ મને / અમોને સ્વીકાર્ય છે.**

**ટેન્ડર ભરનાર**
**એજન્સીની સહી અને સિકકો**

| Item Number | Item Description | Quantity (only figures) | UNIT (upto 50 characters) | Tender Rate in percent |
|---|---|---|---|---|
| 1 | Service Charge for Providing **Technical and Labour (Skilled/Semi Skilled/ UnSkilled)** type of Manpower (as per List) per Person per Month. | 1.00 | Per Month | 0.00 |